વિભાગ હસ્તકની સેવાઓ માટે Access Coordination Committeeની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: **SJED/GOI/GOI/17/2022/1696/CHH-1**,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૧૨/૦૭/૨૦૨૨

**વંચાણે લીધા:**

(૧) રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ (NHRC)ના દિવ્યાંગતા સંબધિત કોર ગ્રુપની તા.૧૩/૦૪/૨૦૨૨ના રોજ યોજાયેલ પ્રથમ બેઠકની કાર્યવાહી નોંધ, NHRCના તા.૦૧/૦૬/૨૦૨૨ના પત્ર ક્રમાંક: R-49/1/2021-PRPP(RU-1)

(૨) The Rights of Persons with disabilities Act, 2016.

**પ્રસ્તાવના** :-

ભારત સરકાર દ્વારા દિવ્યાંગોના અધિકારોના રક્ષણ તેમજ કલ્યાણ માટે અમલી કરેલ The Rights of Persons with Disabilities Act, 2016ની કલમ નં.૪૦, ૪૧, ૪૨, ૪૪, ૪૫ તથા ૪૬ અંતર્ગત દિવ્યાંગો માટે સુગમ્ય વાતાવરણનું નિર્માણ કરવા તેમજ સમયમર્યાદામાં દિવ્યાંગો માટે જાહેર ઇમારતો, ટ્રાન્સપોર્ટ, માહિતી અને સંચાર સેવાઓ તેમજ ઇન્ફ્રાસ્ટ્રકચરને સુગમ્ય બનાવવાનું રહે છે. રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ (NHRC) હેઠળ રચવામાં આવેલ દિવ્યાંગતા સંબધિત કોર ગ્રુપની તા.૧૩/૦૪/૨૦૨૨ના રોજ યોજાયેલ પ્રથમ બેઠકમાં દિવ્યાંગો માટે સુગમ્ય વાતાવરણના નિર્માણ માટે RPwD Act, 2016ની જોગવાઇ મુજબ અમલીકરણ પરત્વે કરવામાં આવેલ ભલામણોમાં દરેક મંત્રાલયો/વિભાગોને Access Coordination Committeeનું નિર્માણ કરવા સૂચન કરેલ છે. વિભાગ હસ્તકની સેવાઓ દિવ્યાંગો માટે સુગમ્ય બનાવવા માટે વિભાગ હેઠળના બધા ખાતા/સોસાયટી/નિગમોના વડાઓનો સમાવેશ કરી Access Coordination Committeeની રચના કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ** :-

વંચાણે લીધેલ ક્રમાંક(૧)ના રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ (NHRC)ના દિવ્યાંગતા સંબધિત કોર ગ્રુપની ભલામણ તેમજ દિવ્યાંગ વ્યક્તિઓનો અધિકાર અધિનિયમ, ૨૦૧૬માં દિવ્યાંગો માટે સુગમ્ય વાતાવરણ ઉભું કરવા અંગે કરેલ જોગવાઇઓ ધ્યાને લઇ, પુખ્ત વિચારણાને વિભાગ હેઠળની Access Coordination Committeeની રચના નીચે મુજબ કરવામાં આવે છે.

| ક્રમ | હાલનો હોદ્દો | સમિતિમાં હોદ્દો |
|---|---|---|
| ૧ | અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | અધ્યક્ષ |
| ૨ | કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના | સભ્ય |
| ૩ | અ.સ.શ્રી/ સં.સ.શ્રી/ના.સ.શ્રી, સમાજ સુરક્ષા | સભ્ય |
| ૪ | અ.સ.શ્રી/ સં.સ.શ્રી/ના.સ.શ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ | સભ્ય |
| ૫ | અ.સ.શ્રી/ સં.સ.શ્રી/ના.સ.શ્રી, વિકસતિ જાતિ કલ્યાણ | સભ્ય |
| ૬ | નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું | સભ્ય સચિવ |
| ૭ | નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું | સભ્ય |
| ૮ | નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું | સભ્ય |
| ૯ | મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ | સભ્ય |
| ૧૦ | મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ | સભ્ય |
| ૧૧ | મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ | સભ્ય |
| ૧૨ | મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ | સભ્ય |
| ૧૩ | મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ | સભ્ય |
| ૧૪ | મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ | સભ્ય |
| ૧૫ | મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અનુ. જાતિ) | સભ્ય |
| ૧૬ | મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ | સભ્ય |
| ૧૭ | મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ | સભ્ય |
| ૧૮ | મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય દિવ્યાંગ નાણાં અને વિકાસ નિગમ | સભ્ય |
| ૧૯ | કચેરી અધિક્ષક, ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોનું આયોગ | સભ્ય |
| ૨૦ | મુખ્ય કારોબારી અધિકારી (CEO), ગુજરાત રાજ્ય બાળ સંરક્ષણ સોસાયટી | સભ્ય |
| ૨૧ | અ.સ.શ્રી/ /સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ | સભ્ય |
| ૨૨ | મેનેજરશ્રી, ગુજરાત ઇન્ફોર્મેશન લિમિટેડ (GIL) | સભ્ય |

➢ આ સમિતિનું કાર્ય વિભાગ હસ્તકની તમામ ઇમારતો, વેબસાઇટ, માહિતી અને સંચાર સેવાઓ તેમજ અન્ય ઇન્ફ્રાસ્ટ્રકચરને ભારત સરકારની હાર્મોનાઇઝડ ગાઇડલાઇન મુજબ દિવ્યાંગો માટે સુગમ્ય બનાવવા માટે એક્શન પ્લાન તૈયાર કરવો, સમયમર્યાદામાં અમલીકરણ કરાવવું તેમજ સુગમ્ય સેવાઓનું સમયાંતરે સમીક્ષા કરવાનું છે.

૪

- સમિતિની બેઠક દર છ મહિને સમિતિના અધ્યક્ષશ્રીની સૂચના મુજબ મળશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પ્રમેશ ગામેતી)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના, બ્લોક નં-૨, કર્મયોગી ભવન, સેકટર-૧૦, ગાંધીનગર.
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સં.સ.શ્રી/ના.સ.શ્રી, અજા.ક., વિ.જા.ક., સ.સુ., સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સમિતિના અન્ય સભ્યશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ઠરાવને વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- નાયબ સેક્શન અધિકારીની સિલેકટ ફાઇલ.
- શાખા સિલેકટ ફાઇલ.